Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# આધુનિક સમયમાં ગાંધીજીના આર્થિક વિચાર

ડો. રાજેશ્વરી એમ. પટેલ
ગુજરાત આર્ટસ & સાયન્સ કોલેજ, અમદાવાદ

ડો. ફહમીદા એફ. શેખ
ગુજરાત આર્ટસ & સાયન્સ કોલેજ, અમદાવાદ

પ્રસ્તાવના

આજે ભારત અને જગતભરમાં જ્યારે ગાંધી જન્મ શતાબ્દી ઉજવાઈ રહી છે ત્યારે આ મહામાનવના વિવિધ વિચારો પર ચર્ચા થાય એ ખૂબ જ આવશ્યક છે. ગાંધીજીનું દ્રષ્ટિકોણ માનવ જીવનની ઘડવાનું સર્વાંગી દૃષ્ટિ કોણ છે. ગાંધીજી એ યુગ પુરુષ હતા. તેઓ સમાજ રચનાનો પાયો બદલવા માંગતા હતા અને એ સંદર્ભમાં જ તેમના આર્થિક વિચારો સમજવા પ્રયત્ન કરવાની જરૂર છે. આજે કેટલાક વર્તુળો તરફથી ગાંધીજીના આર્થિક વિચારોને જૂનવાણી ને પ્રગતિના બાધક ગણી હસી કઢાય છે. પરંતુ જગતનો ઇતિહાસ તપાસતા જણાય છે કે ઇતિહાસમાં આજ સુધી જે નથી થયું તે કાલે થશે એમ જે માને છે તે જ સમાજ પરિવર્તન કરી શકે છે. માર્ક્સ પહેલા કોઈએ નહોતું માનો કે દુનિયામાંથી ગરીબી નાબૂદી થઈ શકે છે પણ માર્કસે કહ્યું કે હું જે કહી રહ્યો છું તે એક વૈજ્ઞાનિક સિદ્ધાંત છે.

ગાંધીજીની એક સભામાં એક સદગૃહસ્થે માથે મોટી પાઘડી પહેરીને આવેલા હતા ગાંધીજીને માથે ટોપી પહેરેલી ન જોતા તે સદગૃહસ્થે તેમને સ્વાભાવિક રીતે પૂછ્યું કે તમે માથે ટોપી કેમ પહેરેલી નથી? ગાંધીજીને જવાબ આપવાનો સરસ મોકો મળ્યો તે કેમ ચૂકે તેમને બે ઝડપ કહ્યું કે તમે પાઘડી પહેરી છે આ પાઘડીમાં બીજા વીસ જણાની ટોપીઓ સમાઈ ગઈ છે તેથી બીજા વીસ  જણા ટોપીઓ સિવાયના જ રહીને હું એ વીસમાંથી એક છું આવા ઘણા પ્રસંગો અને તેમના ઉદ્દગારો તથા વર્તનની સમગ્ર છાપ પરથી તેમના આર્થિક વિચારો વિશે આપણને નિર્દેશ મળી રહી છે. ગાંધીજીના આર્થિક વિચારસરણી મુખ્યત્વે વર્ણધર્મ , વાલીપણું અને વિવેક કેન્દ્રીકરણ એ ત્રણ સિદ્ધાંતો પર રચાયેલી હતી . ગાંધીજીના આર્થિક વિચારોએ આ દેશની સામાજિક, નૈતિક અને આર્થિક પરિસ્થિતિના અભ્યાસના પરિપક રૂપે હતા. આ વ્યવહારિક અનુભવના કારણે તેઓ આર્થિક બાબતોના સૈદ્ધાંતિક પંડિત કરતા આર્થિક સુધારક બન્યા. ગાંધીજીએ આર્થિક વિકાસ અંગે સૈદ્ધાંતિક માળખું આપ્યું નથી. પણ કેટલીક જ ધારણાઓ પર તેઓએ ભાવી અર્થ રચના કેવી હોવી જોઈએ તેનું ચિત્ર આપ્યું છે.  તેમની ધારણાઓ ફક્ત આર્થિક ન હતી પણ સામાજિક અને નૈતિક ધારણા ઓના આધાર તેમણે લીધો હતો.

અમર્યાદિત જરૂરિયાતો ઈચ્છાઓ કરતા સ્વેચ્છાએ કામ ઉકેલ જરૂરિયાતો કે ઈચ્છા હોય પ્રગતિનું સૂચક છે. દરેક સામાન્ય વ્યક્તિ હંમેશા મહત્તમ નફો મેળવવા જ તત્પર નથી હોતી. પરંતુ તે તો એટલું જ

ઈચ્છે છે કે તેની મહેનતના બદલામાં કટોકટીના સમયમાં કામ લાગે તે માટે થોડી બચત રહી હરીફાઈ કરતા સહકાર એ જીવનનું વધુ સારું સિદ્ધાંત છે. શ્રમ તરફ હંમેશા ધુણાથી જોવું યોગ્ય નથી દરેક વ્યક્તિમાં વિકાસ માટેની મુક્ત શક્તિ પડેલી જ હોય છે અને દરેકની તેના જીવન નિભાવ થઈ શકે તેટલા સાધનો તો આપવા જ જોઈએ. રાજ્ય પરનું વધુ પડતો આધાર ધાતક છે. આ ધારણાઓનું ખ્યાલમાં ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમો આપ્યા છે. જે ફક્ત આર્થિક કાર્યક્રમ નથી પણ માનવીના જ સામાજિક તથા સાંસ્કૃતિક પુન: ઉત્થાન માટેના કાર્યક્રમ પણ હતું . તેમના રચનાત્મક કાર્યક્રમમાં કોમી એકતા અપૃશ્યતા નિવારણ દારૂબંધી ખાધી અને ગ્રામ ઉદ્યોગો બુનિયાદી કેળવણી ગ્રામ્ય સમાજવાદ શિક્ષણ સ્ત્રી જાગૃતિ આરોગ્ય અને સ્વચ્છતાનું શિક્ષણ રાષ્ટ્ર ભાષાનો પ્રચાર માતૃભાષા નું પ્રચાર તથા આર્થિક સમાનતા માટે કાર્ય કરવાનું સમાવેશ કરી શકાય. ગાંધીજીના મતે સરળ આર્થિક વિકાસ માટેનું આ બધા સામાજિક સાધનો છે આ રીતે તેઓ અત્યારની અર્થશાસ્ત્રની ભાષામાં કહું તો આર્થિક વિકાસ માટેના બિનઆર્થિક ઘટકોનું મહત્વ દર્શાવે છે. ભારતના આર્થિક વિકાસ માટે તેમના મતે ગ્રામ્ય પુન: ઉત્થાન ગ્રામ ઉધોગ રાજ્યના પાયા રૂપે છે . તેમની કલ્પના નું ગ્રામ્ય સ્વરાજ્યમાં ગામડું એ સંપૂર્ણ સ્વાયત ઘટક હશે. પાયાની જરૂરિયાતો માટે પડોશી પર આધાર રાખતું નહીં હોય અને છતાં પરવલંબનનું જ્યાં જરૂરી જ હોય ત્યાં આશ્રય લેશે. ગાંધીજીની કલ્પનામાં ગ્રામ્ય સ્વરાજ્યમાં માનવીની મહત્તા સમાનતા ટ્રસ્ટીશીપ વિવેકેન્દ્રીકરણ સ્વદેશી સ્વયં નિર્ભયતા સહકાર સત્યાગ્રહ અને સર્વ ધર્મ સમાનતા હશે.

આજના વર્તમાન સમયમાં કોમ્પ્યુટર અને વિજ્ઞાન અને ટેકનોલોજી નો સમય છે. આજે આર્થિક ક્ષેત્રે વિકાસ બાંધવા માટે વ્યાપક અવનવા અનેક પ્રયાસો અને પ્રયોગો કરવાના આવી રહ્યા છે તે વાસ્તવિકતા થી કંઈક અંશે અલગ અને વધારે હોય તેમ ગણી શકાય આમ છતાં આર્થિક વિકાસની બાબતોમાં જોઈએ એવું પરિવર્તન લાવવુ શક્ય નથી ગાંધીજીએ આપેલા આર્થિક વિચારો ભારતીય સંસ્કૃતિના યોગ્ય આર્થિક વિકાસ જાણવું જરૂરી છે

૧. નૈતિક આર્થિક જીવન

નૈતિક આર્થિક જીવન વિશે ગાંધીજીએ સ્પષ્ટપણે કહ્યું છે કે અર્થ અને નીતિશાસ્ત્રની ક્યારેય પણ જુદા પડી જ ન શકાય. સાચું અર્થશાસ્ત્ર ઊંચામાં ઊંચા નૈતિક ધોરણની વિરુદ્ધ જ ન હોય શકે માટે તો કહેવાયું છે કે ધન સંચય માટે નબળાના ભોગે સબળાઓનો વિકાસ ન થવો જોઈએ.

માનવ કલ્યાણ માટે ગાંધીજીએ સ્પષ્ટ પણે સમજાયેલું કે કોઈપણ આર્થિક વિચારસરણીને કોઈપણ માનો કલ્યાણ કે જનસેવા થી અલગ રાખવામાં આવે તો તે પ્રકારના સમાજનું આર્થિક જીવન ક્યારેય પણ ઊંચું લાવી શકાય નહીં. તેમજ આવા સમાજનો આર્થિક વિકાસ પણ સાંભળી શકાય નહીં. તેથી ધન કરતાં પણ માનવ કલ્યાણને વધુ મહત્વ આપે છે. ગાંધીજીના વિચારો સર્વગ્રાહી અને સર્વ વ્યાપકતા હતા

તેમની સમગ્ર માનવજાત અને એકંદરે માનવ જીવનના પુનઃગઠન આધારોની શોધ હતી. આ શોધમાંથી તેમની બે મુખ્ય વિચારો ઉપર સમગ્ર માનવ જીવનની માંડણી કરવા જેવી લાગી હતી. આ બે તત્વો હત્યા સત્ય અને અહિંસા ગાંધીવાદી અર્થ રચનાનો આધાર પણ આ બે તત્વો બન્યા આમ ગાંધીજીની માનવ કલ્યાણ દ્વારા અર્થશાસ્ત્રમાં પરિવર્તન લાવવા ઈચ્છતા હતા અને માનવ કલ્યાણ દ્વારા લાવેલું આર્થિક પરિવર્તન એ દીર્ઘકાલીન હોય છે જે ઘણા અર્થશાસ્ત્રીઓ પણ સ્વીકારી છે.

૨. સાદું જીવન

સાદું જીવન ગાંધીજીએ આપણને હંમેશા માટે એક સંદેશ આપ્યો છે. Simple living and high thinking કેમકે આર્થિક જીવનમાં પણ જેમ બને તેમ સાદાય અપનાવા સૂચવેલ છે આપણે અનંત એવી જરૂરિયાતોને ઘટાડીને જેમ બને તેમ ઓછી જરૂરિયાતો કરવાનું પ્રયત્ન કરવો જોઈએ. માનવની ઇચ્છાઓ ક્યારેય પણ પૂરી થવાની નથી ઈચ્છાઓ વારંવાર ઉત્પન્ન થતી રહે છે. એક પૂર્ણ કરો તો બીજી તાત્કાલિક ઊભી થાય છે. એટલે ઈચ્છાઓનો દર ચાલુ જ રહેવાનું પરંતુ તેને પૂર્ણ કરવા માટે સંસાધનો સીમિત છે. આ વાત પરિવાર તેમજ સમાજ બંનેને લાગુ પડે છે. પરિવારની જરૂરિયાત રોટી કપડા આવાસ શિક્ષા પરિવહન સ્વાસ્થ્ય મનોરંજન વગેરેની હોય છે. જેમ જેમ પૂર્ણ થતી જાય છે તેમ તેમ તેમાં વધારો થતો જાય છે. આથી માનવ સંસાધનોનું વધુને વધુ ઉપયોગ કરી તેને પૂર્ણ કરવાના પ્રયાસો કરે છે. આથી કુદરતી તેમજ માનવસર્જિત સંસાધનોનું દુરવ્યય થાય છે જેની અસર તત્કાલીન તેમજ લાંબા સમયે સમાજ તેમજ અર્થતંત્ર ઉપર વિધાનાત્મક અસર ઉદભવે છે. આથી ગાંધીજી સાદું જીવન પર વધારે ભાર મૂકે છે તેમનો આ વિચાર લાંબા ગાળે સર્વને અસર કરે છે.

૩. આર્થિક સ્વતંત્રતા

ગાંધીજી રાજકીય સ્વતંત્રતા કરતા પણ આર્થિક સ્વતંત્ર પર ભાર મૂકતો જણાવે છે. કે આર્થિક સ્વતંત્રતા સિવાય રાજકીય સ્વતંત્રતા નકામી છે. વર્તમાન સમયમાં આર્થિક સ્થિતિ ગાંધીજીએ આપેલા આર્થિક સ્વતંત્રતાના સિદ્ધાંતો વિરુદ્ધ છે જે દૂર કરવી ખાસ જરૂરી છે. આર્થિક સમાનતા એટલે જગતના બધા મનુષ્ય પાસે એક સરખી કુદરતી સંપતિ હોવા પણ એટલે એટલે સૌની પાસે પોતાની કુદરતી આવશ્યકતા પૂર્ણ કરતી કુદરતી સંપત્તિ હોવી જોઈએ. આર્થિક સમાનતા ની જળમાં ધનિક નું ટ્રસ્ટી પણું રહેલ છે એ આદર્શ પ્રમાણે ધનિક પોતાના પડોશી કરતા એક પણ કોડી વધારે રાખવાનો અધિકાર નથી. ત્યારે શું વધારાનું એની પાસેથી છીનવી લેવું એમ કરતાં હિંસાનો આશ્રય લેવો પડે અને હિંસા વડે એમ કરવું સંભવે તોય સમાજે સમાજની તેથી ફાયદો ન થાય કેમ કે દ્રવ્ય એકઠું કરવાની શક્તિ ધરાવનાર એક માણસની શક્તિને સમાજ કોઈ બીજા અહિંસક માર્ગ એ થયો કે માન્ય થઈ શકે. એટલે તેની હાજત પૂરી પડી બાકીના ને તે પ્રજાની વતી ટ્રસ્ટી બની જો પ્રમાણિકતા પણે સંરક્ષક બને તો જે દ્રવ્ય તે ઉત્પન્ન કરશે તેનું સદેવ પણ કરશે. વળી જ્યારે

મનુષ્ય પોતાની સમાજનું સેવક માને સમાજને અર્થી ધન કમાઈ સમાજ કલ્યાણને અર્થે વાપરી ત્યારે તેની કમાણીમાં શુદ્ધતા આવશે તેના સાહસમાં પણ અહિંસા હશે. આ પ્રમાણે જો કાર્ય પ્રણાલી ગોઠવાઈ તો સમાજમાં વારંવાર ગૌસમમુખ ક્રાંતિ પેદા થાય તેમજ આર્થિક સમાનતા સ્થાપી કરી શકાય.

૪. શ્રમ વિષયક વિચાર

ગાંધીજીએ સ્વાસ્થ્ય પર ભાર મુકતા કહ્યું છે કે જાતે મેં મહેનત મનુષ્ય માત્ર ને માટે અનિવાર્ય છે. તેમને શ્રમના મહત્વની ઈશ્વરી નિયમ તરીકે નવાજેલો છે તેથી બૌદ્ધિક અને શારીરિક શ્રમને અપનાવવાનું કહે છે. શરીર શ્રમ માનવ જીવન માટે ઘણું મહત્વનું છે. આમ અર્થતંત્રની આંટાઘુંટીઓ માંથી મુક્તિ મેળવવા માટે શારીરિક અને માનસિક શ્રમ ઘણુ આવશ્યક છે. બાઇબલમાં કહે છે કે તારી રોટી તું તારો પસીનો રેડીને કમાજે ને જે ખાજે. જો કરોડપતિ પણ જો પોતાના ખાટલે આળોટીયા કરે ને તેના મોમાં કંઈ ખાવાનું ચૂકે ત્યારે તે લાંબો વખત ખાઈ શકતો નથી. તેમાં તેને રસ પણ રહેશે નહીં .ગ્રામસ્વ શરીર શ્રમ કરીને કમાયેલું રોટલો તેને મીઠો લાગશે અને તેમનું આરોગ્ય તંદુરસ્ત રહેશે. ગાંધીજી શ્રમ અંગે જણાવતા કહે છે કે પોતાના ભોજન માટે જેને પ્રામાણિકપણે શ્રમ કર્યો નથી તેને મફત ખવડાવવાનો વિચાર મારી મતે અહિંસામાં બેસતો નથી મારી મતે સત્તા હોય તો હું બધા જ સદાવ્રત બંધ કરાવી દઉં સદાવ્રતો એ પ્રજાની અધોગતિ કરી છે અને સુસ્તી આળસ ગુનાખોરીને તેમજ ઉચ નીચના ભેદને ઉત્તેજન આપ્યું છે. આવા અપાત્ર દાનથી દેશની ભૌતિક કે આધ્યાત્મિક સંપત્તિમાં કશો વધારો થતો નથી. અંદર દાન દેનારાઓની પુણ્ય કાર્યનો ભ્રમ થાય છે. દાતાઓ પરિશ્રમાલય ખોલે ને જ્યાં ભોજનાલયમાં કામ કરવાની જતી સ્ત્રી પુરુષો આરોગ્યપ્રદ સ્વર વાતાવરણમાં શ્રમ આપીને ભોજન આપે તો કેવું તરત ડહાપણ પણ ભર્યું કહેવાય શ્રમ ન કરે તેને ભોજન નહીં મળે.

૫. યંત્ર વિષયક વિચાર

આજે વર્તમાન સમયની સમસ્યાઓ જો કોઈ હોય તો તે બેરોજગારી છે ભારત દેશ ગામડાઓનું બનેલ છે કૃષિ પ્રધાન દેશ છે. આથી બેરોજગારી સમસ્યાને દૂર કરવા માટે ગામડાને સમૃદ્ધ કરવા પડશે. અને ગામડાને સમૃદ્ધ કરવા માટે ગૃહ ઉદ્યોગ લઘુ ઉદ્યોગ નું પ્રયાણ વધારવું પડશે. ગ્રામ્ય ક્ષેત્રે ઉદ્યોગોનું પ્રમાણ વધારવું પડશે તો આર્થિક ક્ષેત્રે પણ ઘણું પરિણામ લાવી શકાય તેમ છે. ગામડાઓનો નાશ થશે તો ભારતનો પણ નાશ. પછી ભારત નહીં રહે જગતમાં એનું જે વિશિષ્ટ કાર્ય છે તે લુપ્ત થઈ જશે. ગામડું સજીવન ત્યારે જ થાય જ્યારે એનું શોષણ થતું અટકે વિશાલ ઉદ્યોગોની સાથે હરીફાઈ અને ખપતના પ્રશ્નો આવશે એટલે ગ્રામ વાસીઓનું સીધું કે આડકતરું શોષણ થયા વિના નહીં જ રહેવાનું . તેથી ગામડાની સ્વાવલંબી સ્વયં પૂર્ણ અને આત્મ નિર્ભર બનાવવા ગ્રામ ઉદ્યોગોનો વિકાસ કરવો જોઈએ. કારણ કે ત્રીજા ભાગનું ભારત ભારતના ગામડાઓમાં નિવાસ કરે છે ગાંધીજીને કોઈએ પણ પ્રશ્ન કરેલ તમે યંત્રના વિરોધી છો ? ગાંધીજી

તેનો જવાબ આપતા જણાવે છે કે યંત્ર સામે મારું કોઈ વિરોધ નથી પણ હું યંત્રોનો વિરોધ સ્વીકારું છું જે યંત્રો માનવ શ્રમ માટે તેમજ માનવીની સુવિધા માટે ઉપયોગી છે ઉપયોગી છે પરંતુ જે યંત્રો માનવજીવન માટે દુરોગામી અસરો કે પ્રભાવ ઉપજાવે છે તેવા યંત્રોનું હું સખત વિરોધ કરું છું. મારો વિરોધ યંત્રોની ઘેલછા સામે છે. તો જેને શ્રમનો બચાવ કરનારા યંત્રો કહેવામાં આવે છે તેની લોકોને ઘેલછા લાગી છે શ્રમનો બચાવ થાય છે ખરી પણ લાંબો લાખો લોકો કામ વિનાના થઈ. ભૂખે રઝળતાં રસ્તા ઉપર ભટકે છે. સમય અને શ્રમનો બચાવ હું પણ કરું છું ઈચ્છું છું પરંતુ અમુક વર્ગનો નહીં આખી માનવ જાતિને થવું જોઈએ. થોડા ઘણા ગાંઠિયા પાસે સંપત્તિનું સંચય થાય એમ નહીં પણ સૌની પાસે થાય એમ ગાંધીજી ઇચ્છતા હતા. માનવજાતની આર્થિક કંગાળિયાતમાંથી મુક્તિ મેળવવા માટે વિવિધ ક્ષેત્રોનું યંત્રોનું ઉપયોગને બદલે મર્યાદિત ક્ષેત્રમાં યંત્ર અપનાવા જોઈએ. કારણ કે યંત્ર માણસને મારે છે અને માણસ યંત્રને મારે નહીં અમર્યાદિત યંત્રોનો ઉપયોગથી મનુષ્યની કુશળતા કુંઠિતથી થાય છે આમ ગાંધીજી યંત્રો અંગે જણાવતા કહે છે કે યંત્રો સામે આમ તો કોઈ વાંધો નથી જો કોઈ વાંધો હોય તો તે એવા યંત્રો સામે છે કે થોડાક કાર્યોમાં નફો એકત્રિત કરવા માટે સર્જાયેલા હોય

૬. ટ્રસ્ટીશીપ નો સિદ્ધાંત

ગાંધીજી ટ્રસ્ટીશીપ ના સિદ્ધાંતમાં સંપૂર્ણ વિશ્વાસ હતો તેમના આ સિદ્ધાંત દ્વારા ઉત્પાદન પ્રક્રિયામાં દરેક સમાજના વિભિન્ન વર્ગોની અનુકૂળ પડશે તેમનો અર્થ એ હતો કે ધન સંપતિ જમીનદાર ખેડૂત અને સરકાર બધા એકસાથે કામ કરવું જોઈએ. આર્થિક સમાનતાની જળમાં ધનિક નું ટ્રસ્ટીપણુ રહેલું છે એ આદર્શ પ્રમાણે ધનિક ને પોતાના પાડોશી કરતા એક રોટી પણ વધારે રાખવાનો અધિકાર નથી. ત્યારે શું વધારાનું એની પાસેથી લેવું એમ કરતાં હિંસાનો આશરે લેવો પડે અને હિંસા વડે એમ કરવું સંભવિત તોય સમાજને તેથી ફાયદો ન થાય. કેમ કે દ્રવ્ય એકઠું કરવાની શક્તિ ધરાવનાર એક માણસની શક્તિને સમાજ ખોઈ બેસે એટલે અ હિંસક માર્ગ એ થયો કે માન્ય થઈ શકે એટલી તેની હાજરી પૂરી પાડીને બાકીનું તે પ્રજાવતી ટ્રસ્ટી બને.

આજની મૂડીવાદી સમાજ વ્યવસ્થાને સમાનતા વાળી સમાજ વ્યવસ્થામાં પલટી નાખવા માટેનું સાધન છે મૂડીવાદને તે આશ્રય આપતો નથી પણ આજનો મૂડીસર વર્ગ સુધારવાની તક આપે છે . માનવ સ્વભાવની સુધારણા માટે સદાય અવકાશ હોય છે એ શ્રદ્ધા પર એનું મતદાન છે પોતાના હિત માટે સમાજ જેટલી ખાનગી મિલકતની છૂટ રાખે છે તે સિવાય મિલકતની ખાનગી મિલકતની હક તે માન્ય રાખતો નથી. માલિકી હક તથા સંપત્તિના ઉપયોગનું કાયદાથી નિયમન કરવાનું એમાં નિષેધ નથી. રાજ્ય દ્વારા સંચાલિત ટ્રસ્ટની વ્યવસ્થામાં વ્યક્તિને પોતાની સ્વાર્થ ને સંતોષવા માટે અથવા સમાજના હિતની અવગણ થાય એ રીતે સંપત્તિ ધરાવવાની કે તેનો ઉપયોગ કરવાની છૂટ નહીં થાય. નિર્વાહ માટે મજૂરીનું લઘુત્તમ ધોરણ નક્કી કરવાનું વિચારવામાં આવ્યું છે. તે જ રીતે સમાજમાં

એક વ્યક્તિને વધુમાં વધુ કેટલી આવકની છૂટ આપવી તે પણ નક્કી કરવું જોઈએ. આવી લઘુત્તમ તેમજ ગુરુત્તમ આવક વચ્ચેનું તફાવત સમજપૂર્વકનો ન્યાય પૂર્ણ સર તથા છેવટે એ નાબૂદ થાય એ રીતનું તેમાં વખોતો વખત ફેરફાર થતા રહે છે એ જાતનો હોવો જોઈએ. ગાંધીવાદી આર્થિક વ્યવસ્થામાં ઉત્પાદનનું સ્વરૂપ સમાજની જરૂરિયાત પ્રમાણે નક્કી કરવામાં આવશે વ્યક્તિના મનમાં આવે તે પ્રમાણે તે પ્રમાણે ન લોભ સંતોષાય.

૭. અસ્પૃશ્યતા નિવારણ

અસ્પૃશ્યતા હિન્દુ ધર્મનું અંગ નથી એટલું જ નહીં પણ હિન્દુ ધર્મમાં બેસી ગયેલું સ્થળો છે વહેમ છે પાપ છે અને તેનું નિવારણ કરવું પ્રત્યેક હિંદનો ધર્મ છે. તેનું પરમ કર્તવ્ય છે તેથી જ તેને પાપ માને છે તે તેનું પ્રાયાશ્રિત રૂપે પણ ધર્મ સમજીને સમજદાર હિંદુ પ્રત્યેક અપૃશ્ય ગણતા ભાઈ બહેનને અપનાવે. તેનો હેતુ સેવા ભાવે સ્પર્શ કરી સ્પષ્ટ કરી પોતાની પાવન થયેલ માની અપૃશ્યના દુઃખો દૂર કરી વર્ષો થયા તેમની કચડી નાખવામાં આવેલ છે તેથી તેમનામાં જે અજ્ઞાની દોષો બેસી ગયા છે તે ધીરજ પૂર્વક દૂર કરવામાં તેમને મદદ કરે. અને આ બીજા હિન્દુને કરવા મનાવે પ્રેરે.

ગાંધીજી કહે છે કે આ કામ કેટલું કપરૂ છે તે હું એ હવે જાણું છું પણ સ્વરાજ્યની ઇમારત ઊભી કરવાનું જે કાર્ય આપણે લઈ બેઠા છીએ તેના જ આ એક ભાગ છે ગાંધીજીના વર્તમાન વિચાર દર્શન ને સૌ સાધકે પાલન કરી તેના જીવનને આદર્શ રૂપી દીપ પ્રગટાવો જોઈએ.

૮. સર્વોદય અંગેનો ગાંધીજીનો વિચાર

આ દેહ કેવળ પરમાત્માને કારણે આપણને મળ્યો છે અને તેથી યજ્ઞ કર્યા વિના જે જમે છે તે ચોરીનું જમે છે. એમ ગીતાકારે કહી દીધું છે. શુદ્ધ જીવન ગાળવા ઈચ્છનારૂં બધું કાર્ય યજ્ઞરૂપે હોય. આપણે યજ્ઞ સાથે અવતરીયા એટલે આપણે સદાયના ઋણી દેવાદાર રહ્યા. તેથી આપણે જગતના હંમેશા ગુલામ સેવક અને ગુલામના સ્વામી જેમ સેવા લેવાની કારણકે અન્ન વસ્ત્રાદી આપે છે. તે આભાર પૂર્વક લઈએ તેટલો કેટલાનું પણ આપણને હક છે એવું ન માની એટલે કે તે મળે તો સ્વામીને વગોવીએ. આ શરીર તેનું છે તેની ઈચ્છા પ્રમાણે તેને રાખે કે ના રાખે આ સ્થિતિ દુઃખ નથી. પણ જો આપણું સ્થાન સમજી લઈએ તો સ્વાભાવિક છે. તેથી સુખદ અને ઈચ્છવા યોગ્ય છે. આ ઉપરાંત સુખ અનુભવવાની સારુ અચલિત શ્રદ્ધાની આવશ્યકતા છે. પોતાની વિશે ચિંતા જ ભોગવી .બધી પરમેશ્વરને સોંપી દેવી આવો આદેશ મેં તો બધા ધર્મમાં જોયો છે. મન સ્વચ્છ રાખી જે સેવાનો આરામ કરે તેની આવશ્યકતા દિન પ્રતિદિન સ્પષ્ટ થતી જાય છે ને તેમ તેમ તેની શ્રદ્ધા વધતી જાય છે. જે સ્વાર્થ છોડવાની તૈયાર જ નથી પોતાની જન્મની સ્થિતિને ઓળખવા જ તૈયાર નથી તેને સારૂં તો સેવા માર્ગે મુશ્કેલ છે તેની સેવામાં સ્વાર્થની ગંધ આવ્યા જ કરશે. જો બારમા માંથી સેવા કરવાની વૃત્તિ વધ્યા જ કરશે તો તેનો આપણું ખરું સુખ છે અને જગતનું સુખ છે. અહિંસાનું પૂજારી ઉપયોગીતાવાદના સિદ્ધાંતને ફળને જ ચડાવી શકે એ તો સમસ્ત સૃષ્ટિના અર્થે મળશે. અને એ

આદર્શને સત્ય કરવાના પ્રયત્નમાં મળશે. આમ બીજા જીવે એટલા ખાતર પંડે મરવા તે હંમેશા ખુશી હશે. જાતે મરીને તે બાકીના સૌની સેવા કરશે અને તેમાં જ તેની પોતાની જાતની સેવા પણ આવી ગઈ હશે. સમસ્તની આવી સર્વોચ્ચ સેવામાં વધારે સંખ્યાનું વધારે તો આવી જ ગયું. પોતાના માર્ગમાં એકબીજાના પગલાંમાં પગલું મૂકીને માર્ગમાં આક્રમકતા નજરે પડે પડશે.

માણસ આધ્યાત્મિક ઉન્નતિ કરી તેની આસપાસના નીચે પડે તેવું હું માનતો નથી હું અદ્વૈતમાં માનું છું યથા પીંડે તથા બ્રહ્માંડે એ ન્યાય માણસમાં બલ્કે જીવન માત્ર માં એક જ આત્મા વ્યાપી રહ્યું છે એમ હું માનું છું અને તેથી હું માનું છું કે જેટલી અંશે એક માણસ ચડે છે તે એટલે અંશે આખું જગત ચડે છે. અગર પડે છે ખરી રીતે તો નીતિનો એકે વિષય નથી. જેનું પરિણામ કેવળ નિશ્ચિત સંચાવનારને મળે છે. કેટલીક વખત એમ કહેવામાં આવે છે કે સત્યતા વગેરે ગુણોનું સામેના માણસ સાથે સંબંધ નથી

સત્યનું પાલન કરવા ઇચ્છનાર અહંકારી કેમ થઈ શકે? બીજાને સારું પ્રાણ પાથરના પોતાની જગ્યા ક્યાં રોકવા જાય છે? આ નમ્રતા એટલે પુરુષાર્થ રહેતો ન હોય એવો અર્થ હિન્દુ ધર્મમાં કરી નખાયો છે ખરો. ખરું જોતા નમ્રતા એટલે તીવ્રતમ પુરુષાર્થ પણ તે બધો પરમાર્થને કારણે હોય સમુદ્રથી છૂટેલા બિંદુને સારું આરામની કલ્પના આપણે કરી શકીએ છીએ. પણ સમૃદ્ધમાં રહેલા બિંદુ ને આરામ કયાંથી? બરાબર એ જ પ્રમાણે આપણું છે ઈશ્વર રૂપ સમુદ્રમાં આપણે મળી મળીએ છીએ એટલે આપણો આરામ ગયો આરામની જરૂર પણ ગઈ. એ જ આરામ એ જ મહા અશાંતિમાં શાંતિ તેથી ફરી નમ્રતા આપણી પાસે જીવન માત્રની સેવા અર્થે સર્વ પરની આશા રાખી છે.

સર્વોદય અંગેના સિદ્ધાંતો

ગાંધીજીના વર્તમાન સમયના વિચારોનું સર્વોદયના સિદ્ધાંતો નીચે મુજબ સમજાવ્યા હતા? બધાના ભલામાં આપણું ભલું છે .વકીલ તેમજ વાળંદ બંનેના કામની કિંમત એક સરખી હોવી જોઈએ. કેમ કે આજીવિકા નો હક બધાને એકસરખું છે. સ્ત્રી પુરુષો ની સમાન કેળવણી આપવી જોઈએ. ગામમાં ઢેડ ભંગી હોય તો તેમની સાથે મૈત્રી રાખવી. તેના સેવક થવું અને તેમ કરવાથી અપૃશ્યતાનું નિવારણ થઈ શકે છે. રાજાએ પ્રજાપતિ પ્રેમભાવ રાખવું જોઈએ. સત્ય ,અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, સ્વદેશી ,બ્રહ્મચર્ય, અપૃશ્યતા નિવારણ, સર્વ ધર્મ સમભાવ વગેરે એકાદશી વ્રતોનું સાધકોઈ એ પાલન કરવું જોઈએ. વર્ણાશ્રમ વ્યવસ્થાના વિચારોને સાધકોએ પોતાના જીવનમાં સ્થાપિત કરવા જોઈએ . સાધુ મજૂરીનું ખેડૂતનું જીવન જ ખરું જીવન છે. સાધકોએ આર્થિક ઉપજન માટેના ખાદી રેંટિયો સાધનો જેવા કે ગૃહ ઉદ્યોગો વગેરેનો હિંદમાંથી વિનાશ ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. સર્વ લોકોને આર્થિકતા સમાન રીતે જળવાઈ રહે તેવું આયોજન કરવું.

ગાંધીજીના સર્વોદય અંગેનું ધ્યેય

ગાંધીજીના મતે સ્વરાજમાં કોઈના દુશ્મન ન હોય બધા પોતપોતાની ફાળે ફાળો ભરે કોઈ નિરીક્ષણ ન હોય ઉતરોતર જ્ઞાન વધતું જાય. આથી પ્રજામાં રોગ ઓછામાં ઓછા

હોય કંગાળ કોઈ હોઈ ને મહેનત મળતી હોય' તેમાં જુગાર મતદાન વ્યાભિચાર ન હોય' વર્ગવિગ્રહ ન હોય. ધનિક પોતાનું ધન વિવેકસર વાપરે ભોગવિલાસ વધારવા માટે અતિશય રાખવામાં નહીં. મુઠ્ઠીભર ધનિક મીનાકારીના મહેલમાં રહે અને હજારો કે લાખો લોકોની અંજવાળું ન હોય એવા અંધારીયામાં રહે એમ ન હોય. હિન્દુ મુસલમાન સ્પૃશ્યાસ્પૃશ્ય ઊંચનીચના ભેદભાવ ન હોય એ જ માનવ જીવનનું પરમ દયેય છે.

૯. વિશ્વ શાંતિ વિષયક વિચાર

વિશ્વ શાંતિ ના ક્ષેત્રમાં પણ ગાંધીજીનું અનોખું છે જગત પેદા થયું ત્યારથી શાંતિની ખોજ ચાલ્યા કરે છે. આંતરરાષ્ટ્રીય અથડામણું નિવારવા આખરી ઉકેલ આવવાનો નથી એ વાત હવે આખરી ઉકેલવાનું નથી એ વાત જગતના પ્રખર સત્તાધીશોને પણ સમજવા લાગી દરેક પ્રશ્નોનો ઉકેલ વિશ્વ શાંતિ અને માનવ વિકાસની દ્રષ્ટિએ કરવું એ ગાંધીજીની રીત હતી. વિચાર અને કાર્ય મારફતે એમણે જીવનભર એ વાત કહી હતી એનો ને ચાર્ટર અને મોસ્કોમાં થયેલા અણુ અખતરામાં બંધી કરાર એ વાત પુરવાર કરે છે. ચેસ્ટર બોલ્સ જેવા તો એમાં પણ ગાંધીજીનો પ્રભાવ કામ કરી રહ્યા હોય એમ માનવ પ્રેરાય છે. આંતરરાષ્ટ્રીય ટુકડો હોવા જ ન જોઈએ એ પ્રકારના યુદ્ધોમાં માનવ જાતિના સર્વનાશ થવાની શક્યતા પડેલી છે અને માનવ હૃદય વિકાસશીલ હોય ને યુદ્ધ સિવાયની બીજી રીતે પણ પોતાના ઝઘડાઓ પતાવી શકે છે. એ વિચારો હવે વ્યાપક પણે સમજાવતા ને સ્વીકારતા જાય છે રશિયા અને અમેરિકામાં હવે ઠંડા યુદ્ધની ભૂમિકામાંથી કંઈક બહાર નીકળવા લાગ્યા છે. અને ઇન્સેપ્ટ અથડામણોનો ન થાય તે વિયેટ નામ જેવી હિંસક પરિસ્થિતિનું વહેલી તકે ઉકેલ આવે એને માટે પરસ્પર સહકાર કરે છે.

મૂલ્યાંકન

ગાંધીજીના ચિંતનનું મુખ્ય રૂપ ઈસાઈ ધર્મ ગીતા રસ્કિનના અને બૌદ્ધ ધર્મના પ્રભાવ પર રહી છે અહિંસા અનાશક્તિ ત્યાગ વિશ્વ બંધુત્વની ભાવના તેમણે વિષય ધર્મ અને બૌદ્ધ ધર્મ પાસેથી ગ્રહણ કરી હતી. આ ગ્રહણ સત્યાગ્રહ અને વિવેક કેન્દ્રકરણ અપનાવવાની પ્રેરણા આપી છે. તેઓ કહે છે કે માનવીએ સમાજમાં રહેતો હોવાથી તેણે પોતાના જીવનની ઉન્નતિમય બનાવવું જોઈએ કેમ કે આજે માનવી એટલો હિંસક બન્યો છે કે પોતાના જીવનના નૈતિક મૂલ્યના પાસા ભૂલી ગયો છે. તેથી પોતાના જીવનને કેવી રીતે સદગુણી બનાવું તેની પ્રેરણા ગાંધીજીએ વર્તમાન સમયના વિચારો સાથે વર્ણવી છે.

વર્તમાન સમય સાથે કદમ મિલાવવા માટે આજે માનવી શિક્ષણ મેળવી રહ્યો છે તે શિક્ષણની પોતાના જીવનમાં કેવી રીતે ખીલવે અને તેનો સદ્દુપયોગ કેવી રીતે ફલશ્રુતિ નિવડે તેની પ્રેરણા ગાંધીજી વર્તમાન સમયના વિચાર સાથે વર્ણવી છે પહેલાના સમયમાં સમાજના લોકો હરિજનને અપૃશ્યતા ગણતા હતા પરંતુ ગાંધીજી અપૃશ્યતા નિવારણ કરી તે લોકોને સમાજની અંદર સમાન દરજ્જો મળી રહે તેવી પ્રેરણા આપી છે તે આજના વર્તમાન સમયમાં આદર્શરૂપી દીપની જેમ જળહળી

છે તેમજ સમાજની સાથે મૈત્રી કેળવી સ્ત્રી પુરુષની સમાન કેળવણી આપવી રાજાએ પ્રજા સાથે પ્રેમ ભાવ રાખો સત્ય અહિંસા અસ્તે અપરિગ્રહ સ્વદેશી બ્રહ્મચર્ય અપૃશ્યતા નિવારણ સર્વ ધર્મ સમભાવ વગેરેનું પાલન કરવું. વ્યક્તિએ સાદું અને ખરું જીવન જીવવું તથા સાર્થકોએ આર્થિક વિભાજન માટે ખાદી,રેટિયો જેવા ગૃહ ઉદ્યોગના સાધનોનું વિકાસ કરવો જોઈએ. તેમજ સર્વ લોકોનું આર્થિક વિકાસ જળવાઈ રહે તેવા ઉદ્યોગોનું આયોજન કરવું જોઈએ. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પદ્ધતિ ઝઘડાઓ ન કરતા તેમની સાથે મૈત્રી કેળવવામાં આવે તો વિશ્વ શાંતિ જળવાઈ રહે છે. તેથી તેમને વિવિધ રાજકીય વિચારધારા વચ્ચે લોકશાહી શાસન વ્યવસ્થા શ્રેષ્ઠ લાગે તે પૂરી પાડી છે. આ વ્યવસ્થા ખૂબ જ ફળશ્રુતિ નિવડે છે. કારણ કે વધુમાં વધુ જાહેર પ્રગતિ તકો અને વિકાસ લોકો પોતાની જાતે જ નક્કી કરી શકે છે તેમજ લોકો લોકોનું કલ્યાણ છે તેવી તેમણે પ્રેરણા આપી. આમ ગાંધીજીએ પોતાના જીવનના વ્યક્તિગત વિચાર સમાજ આગળ પ્રગટ કર્યા છે તેમના વિચાર અનુસાર તેઓ કહે છે કે મારા વિચારો સૌ વ્યક્તિગત રીતે વર્તમાન જીવનમાં પ્રગટાવે તે જ મારો સંદેશ છે.

ગાંધીજીના મતે સાચી સંપતિ પ્રમાણિક ,સંસ્કૃતી અને નિસ્વાર્થી માણસોમાં રહેલી છે. કોઈપણ અર્થ વ્યવસ્થા એ સાધ્ય નહિ સાધ્ય તો સમાજનો અદનો માનવી છે. દેશમાં અનિવાર્ય હોય તેવા મોટા પાયા પર ચાલતા ઉદ્યોગોનું સ્થાન નાના ગ્રહ કે ગ્રામોઉદ્યોગો કરતા જરાપણ ઉતરતું ન હોવું જોઈએ તે ગાંધીજી માનતા હતા. ગાંધીજી ના આર્થિક વિચાર અંગે પદ્માની સીતા મૈયા કહે છે કે 'તે જીવનના કેલાક પ્રશ્નોના પ્રયત્નો નવા દ્રષ્ટિકોણ છે, નવો અભિગમ છે. આધુનિક સમસ્યાઓનું નિરાકરણ છે. ગાંધી વિચારના પ્રખર અભ્યાસી એસ.એન અગ્રવાલ કહે છે કે " IN short, Gandhiji believes in Raising not merely the standard of living but also the slandered of life"

<u>સંદર્ભ સૂચિ</u>


૧. નવજીવન ૨૧,૮,૧૯૨૭ પેજ-૪૦૭

૨.મહાત્મા ગાંધીના વિચારો સંપાદક –આર કે પ્રભુ ય આર, રાવ

૩. અક્ષર દેહ –ભારત સરકાર

૪. એજન પેજ-૩૧૭૫

૫. ડો પંકજ વલવાઈ ભારતનો ઈતિહાસ –જ્ર્કોત-૨૦૦૬- પેજ-૯૬

૬.મોહન લાલ કરમચંદ ગાંધી-હિન્દ સ્વરાજ=નવજીવન પ્રકાશન-૨૦૦૭-પેજ-૮

૭. ગાંધીજીના સત્યના પ્રયોગ -૨૦૧૧-પેજ-૨૭૮

૮. ડો. રાજેશ્વરી એમ પટેલ –ગાંધીજીનું ધર્મ દર્શન-ગર્ગ પબ્લીકેશન –પેજ-૧૦૯